GJAR040001172025

Received on : 10-02-2025
Registered on : 10-02-2025
Decided on/- : 03-06-2026
Duration-
વર્ષ–01 માસ–03 દિવસ–24

મે. મેઘરજ ના એડી. સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ફ. ક. સાહેબની કોર્ટમાં, મુ. મેઘરજ

ફોજદારી કેસ નં. ૮૨/૨૦૨૫
આંક–

મુસાભાઈ હાજી બોડાભાઈ બંગા
ઉ.આ.વ.– ૬૦, રહે.– નવીફળી, ઘંચીવાડા, મેઘરજ,
તા. મેઘરજ, જી. અરવલ્લી ......**ફરીયાદી**

વિરૂધ્ધ

બાકરોલીયા અયુબભાઈ ઈસ્માઈલભાઈ
રહે.– આંબાવાડી, ગાયત્રી મંદીર પાછળ, મેઘરજ,
તા. મેઘરજ, જી. અરવલ્લી ...... **આરોપી**

બાબત:– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ

::

ફરીયાદપક્ષે : વિ.વ.શ્રી આર.એન.પટેલ
આરોપી તરફે : વિ.વ.શ્રી વી.કે.ભાંભી

::

::– ચુ કા દો –::

(૧) ફરીયાદીની ફરીયાદ હકિકત ટૂંકમાં એવી છે કે, ફરીયાદી મેઘરજ ગામના સ્થાનીક વતની છે અને આ કામના આરોપી પણ મેઘરજ ના સ્થાનીક વતની છે ફરીયાદી અને આ કામના આરોપી એક જ સમાજ ના હોવાથી અવાર નવાર સામાજીક કામે તથા મેઘરજ મુકામે એક બીજા ને મળતા હોવાથી એક બીજા સાથે મિત્રતા થયેલી જેથી આ કામના આરોપી અને ફરીયાદી એક બીજાને સારીરીતે ઓળખ છે. આ કામના આરોપી ને આજથી આશરે છ માસ પહેલા તેમના દીકરાની ફી માટે રૂા.૪૭૫૦૦૦/– (રૂપિયા ચાર લાખ પંચ્યોતેર હજાર પુરા)ની જરૂર પડતાં ફરીયાદી પાસે હાથ ઉછીનાની માગણી કરેલી અને તે સમયે આ કામના આરોપીએ સદરહું રકમ ચારેક માસમાં પરત આપવાનો વાયદો કરેલો જેથી ફરીયાદી આ કામના આરોપીને ઓળખતા હોવાથી ફરીયાદીએ આ કામના આરોપીને રૂા.૪૭૫૦૦૦/– (રૂપિયા ચાર લાખ પંચ્યોતેર હજાર પુરા) હાથ ઉછીના રોકડા આપેલા. ત્યાર બાદ આ કામના આરોપીએ આપેલ સમય પુરો થવા છતાં ફરીયાદીની લેણી રકમ વાંરવાર માગણી કરવા છતાં આપેલી નહી જેથી ફરીયાદી આ કામના આરોપી ને રૂબરૂ મળી સદરહું રકમ ની માગણી કરતાં આ કામના આરોપીએ ફરીયાદીને સદરહું રકમ રૂા.૪૭૫૦૦૦/– (રૂપિયા ચાર લાખ પંચ્યોતેર હજાર પુરા) આપવા માટે " ભારતીય સ્ટેટ બેંક મેઘરજ શાખા ના તેમના ખાતા નો રૂા. ૪૭૫૦૦૦/– (રૂપિયા ચાર લાખ પંચ્યોતેર હજાર પુરા) નો ચેક નં. ૩૩૦૧૨૫ નો તા. ૨૫/૧૧/૨૦૨૪ ના રોજનો સહી કરી આપેલો. ચેક આપતી વખતે આ કામના આરોપીએ ફરીયાદીને એવો વિશ્વાસ તથા ભરોસો આપેલ કે તા. ૨૫/૧૧/૨૦૨૪ ના રોજ અથવા તે પછી કોઈ પણ સમયે સદરહું ચેક બૅન્કમાં રજું કરશો તો ચેકના નાણા તમો ને મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો. ત્યાર બાદ ફરીયાદીએ આરોપી એ આપેલ ચેક તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ ઉપરોકત ચેક " ઘી

સર્વોદય સહકારી બેંક લી મેઘરજ શાખામાં ફરીયાદીના ખાતામાં નાખતાં ચેક આરોપીના ખાતાવાળી બેંકમાં આ કામના આરોપીના ખાતામાં કલીયરન્સ થતા આરોપી ના ખાતામાં બેલેન્સ ન હોય " ફંડસ ઈનશફીસીયન્ટ" ના શેરા સાથે તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ ચેક ફરિયાદી ને મેમા સહિત પરત આપેલ. જેથી ફરિયાદી આ કામના આરોપી ને રૂબરૂ મળી આ બાબતની જાણ કરતાં આ કામના આરોપીએ અમારા અસીલને જણાવેલ કે હાલ મારી પાસે નાણા ની સગવડ નથી પરંતુ વીસેક દિવસ પછી મારે નાણાની સગવડ થાય તેમ છે જેથી તમો અમો એ આપેલ ઉપરોકત ચેક બેંકમાં જમા કરાવશો તો તમો ને તમારા નાણા મળી જશે જેથી ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી આ કામના આરોપીએ આપેલ ચેક તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ ઉપરોકત ચેક સર્વોદય સહકારી બેંક લી મેઘરજ શાખામાં ફરીયાદીના ખાતામાં નાખતાં આરોપીના ખાતામાં કલીયરન્સ માટે જતા આરોપીના ખાતામાં બેલેન્સ ન હોય " ફંડસ ઈનશફીસીયન્ટ'' ના શેરા સાથે તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ ચેક ફરીયાદી ને રીટર્ન મેમા સહિત પરત આપેલ. જેથી ફરીયાદીએ તેમના વકીલ મારફતે આ કામના આરોપીને તા. ૧૧/૦૧/૨૦૨૫ ના રોજ રજી.એડી થી નોટીસ આપેલી. જે નોટીસ આ કામના આરોપીને તા.૧૬ /૦૧/૨૦૨૫ ના રોજ નોટીસ બજેલ છે તેમ છતાં આ કામના આરોપીએ ફરીયાદી ની લેણી રકમ ચુકવેલ નથી. જેથી આ ફરીયાદ ના. કોર્ટમાં દાખલ કરવાની જરૂરત ઉપસ્થિત થયેલ છે. આમ આરોપી એ ધી નેગાશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ ની જોગવાઈઓ મુજબના ગુના નામદાર કોર્ટ ની હકુમત માં કરેલ છે. આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ શીક્ષા પાત્ર ગુનો કરેલ હોય, જેથી હાલની ફરિયાદ કરવાની ફરજ પડેલ છે.

(૨) ઉપર મુજબ ફરીયાદીની ફરીયાદ આરોપી સામે દાખલ કરવામાં આવતાં આરોપી સામે ધી નેગોશીયેબલ એકટ કલમ–૧ ૩૮ હેઠળ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલો. જે મુજબ આરોપીને સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં **આંક–૧૨** થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતાં હાલનો કેસ ગુણદોષ પર આગળ ચલાવવામાં આવેલો.

(૩) હાલના કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

–: ફરીયાદી તરફે રજુ મૌખિક પુરાવા :–

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદપક્ષે ફરીયાદીનાઓનું પુરાવાનું સોગંદનામું	૦૪

–: ફરીયાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા:–

ક્રમ	વિગત	આંક
૧	આરોપીએ ફરીયાદીને આપેલ સ્ટેટ બેંક ઑફ ઈન્ડીયા મેઘરજ શાખા નો ચેક નં. ૩૩૦૧૨૫ થી અસલ ચેક	૦૬
૨	આરોપીએ આપેલ ચેક બેલેન્સ ન હોય તે બદલ તેમના ખાતા વાળી બેંકે આપેલ ચેકના મેમા ની અસલ નકલ	૦૭
૩	આરોપી ને આપેલ નોટીસ ની અસલ નકલ	૦૮
૪	આરોપીને રજી.પો એડી થી આપેલ નોટીસની પોષ્ટની પહોચની અસલ નકલ	૦૯
૫	પોષ્ટની કોમ્પ્યુટરાઈઝ પહોચ	૧૦

હાલનાં કામે દસ્તાવેજોને આંકે પડાવવા માટે ફરીયાદપક્ષે **આંક– ૦૫** થી અરજી આપતાં અને નિ. ૩/૧ થી ૩/૫ ના તમામ

દસ્તાવેજોને આ કામે અત્રેની કોર્ટ દ્વારા **આંક– ૦૬ થી આંક– ૧૦** આપવામાં આવેલ. ફરીયાદીનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદીએ **આંક–૨૨** થી આ કામે કલોઝીંગ પુરસીસ આપેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે વધુ પુરાવો રજુ નહીં થતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો છે. તે બાદ સદર કેસમાં ક્રિ.પ્ર ો.કો.ક.૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ પરંતુ આરોપી અદાલત સમક્ષ હાજર રહેલા નથી. જેથી આરોપીના વિશેષ નિવેદનનો હકક બંધ કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

(૫) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે તેમના વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે તથા આરોપીપક્ષે કોઈ હાજર ન હોય તેમના દલીલનો હકકબંધ કરવામાં આવેલ છે.

(૬) ત્યાર બાદ કોર્ટ સમક્ષ નો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદા અત્રેની કોર્ટ ના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

<u>મુદ્દાઓ</u>

૧. શું ફરીયાદ પક્ષ નિશંક પણે પુરવાર કરે છે કે**,**આ કામના આરોપીએ પોતાના ખાતામાં પુરતુ બેલેન્સ ન હોવા છતા ફરીયાદીનુ કાયદેસરનું લેણુ ચુકવવા માટે ભારતીય સ્ટેટ બેંક મેઘરજ શાખાનો રૂા.૪૭૫૦૦૦/– (રૂપિયા ચાર લાખ પંચ્યોતેર હજાર પુરા) નં. ૩૩૦૧૨૫ નો તા.

૨૫/૧૧/૨૦૨૪ નો ફરીયાદીને આપેલ અને તે ચેક અપુરતા ભંડોળના કારણે વગર ચુકવણીએ પરત થતા ફરીયાદીએ આપેલ નોટીસનું પાલન નહી કરીને નોટીસ મુજબની ચેકની રકમ ચુકવી નહી આપીને આરોપીએ ધી નેગોશ્યેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર કુત્ય   કરીને તે મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨ . શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : હકારમાં

મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ

(૮) **ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.**

// **કા ર ણો** //

મુદા નં.૧ :–

(૯) આ કામે પડેલાં પુરાવાઓની ચર્ચા કરીએ તો, આ કામે સૌપ્રથમ ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ તરીકે આ કામના ફરીયાદી મુસાભાઈ હાજી બોડાભાઈ બંગાનાઓએ **આંક–૦૪** થી પોતાની સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરતી ફરીયાદની હકીકત જણાવેલ હોય જેથી તેનું પુનરાવર્તન કરવું જરૂરી જણાતું નથી.

સદર ફરીયાદીની ઉલટતપાસ આરોપીનાં વિ.વ.શ્રી **વી.કે.ભાંભી** દવારા કરવામાં આવેલ છે. જેમાં ફરીયાદી જણાવે છે કે,

તેઓ ધોરણ ૯ સુધી ભણેલ છે. છુ. તેઓ સર્વીસ સ્ટેશનનો ધંધો કરે છે. આરોપીને તેનો છોકરો વિદેશ જતો હોય જેથી કહેવાતા રૂપિયા આપેલા. આરોપીનો છોકરો વિદેશ જતો હોય તેવી હકીકત મારી ફરીયાદમાં જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે, આરોપીના દિકરાને વિદેશમાં ફી ભરવાની જરુર પડતા કહેવાતા રૂપિયા આપેલા. કહેવાતી રકમ તેઓએ તેમની દુકાને આરોપીને આપેલી. આ રકમ કોઈની સાક્ષીમાં આપેલ નથી. એ વાતની તેમને ખબર નથી કે, રૂપિયા વિસ હજારથી રોકડમાં ના આપી શકાય. તેઓ ઈન્કમ ટેકસ રીર્ટન ભરતો નથી. ચેક કંઈ તારીખે બેંકમાં નાખેલો તે ચોકકસ તારીખ યાદ નથી. મે આરોપીને કંઈ તારીખે નોટીસ આપેલી તે તારીખ યાદ નથી પરંતુ ચેક બાઉન્સ થતા તેઓએ નોટીસ આપેલી. એ વાત નો તેઓએ ઈન્કાર કરેલ છે કે, નોટીસમાં શુ હકીકત લખેલી તેની તેમને ખબર નથી. તેમની માસીક આવક ૨૫ થી ૩૦ હજારની છે. તેમના ઘર પરીવારમાં ૫ સદસ્યો છે. ઘર ચલાવવા માટે તેમના પુત્રો પૈસા આપે છે. તેમનુ વાર્ષિક ટનઓવર લાખ–બે લાખ રૂપિયા જેટલુ થાય છે. તેઓ તેમના એકાઉન્ટનુ સ્ટેટમેન્ટ રજુ કરવા ખુશી છે. આરોપી અને તેમનુ ઘર નજીક–નજીક આવેલા છે. ફરીયાદીએ તેવી હકીક્તોનો ઈન્કાર કરેલ છે કે, આરોપીના ઘરે જતો–આવતો હતો, આરોપી તેમના ઘરે આવેલા અને તેમની ચેક ઝુક વાળી થેલી તેમના ઘરે રહી ગયેલી જેમાં આરોપીની સહી વાળો ચેક હતો તે ચેકનો દુરઉપયોગ કર હાલની ખોટી ફરીયાદ કરી સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છે.

(૧૦) હવે આ કામે પડેલાં પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પહેલાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(ક) તથા કલમ–૧

૩૯ ના પ્રબંધો ધ્યાને લેવાં જરૂરી જણાય છે જે પ્રબંધો નીચે મુજબ છે.

કલમ–૧૧૮. વટાઉખત વિશે માની લેવાની બાબત:

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્ર માણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામા આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન:

વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

(૧૧) હવે આ કામે પડેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનો ફરીયાદીનો કેસ ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરેલ છે. જેથી ફરીયાદપક્ષના શીરે પોતાનો કેસ સાબીત કરવાની જવાબદારી રહેલી છે. પરંતુ સાથે સાથે સદર કાયદામાં ફરીયાદપક્ષના તરફે કેટલાંક અનુમાનો કરવામાં આવેલ છે. જે અનુમાનોમાં ઉપર જણાવ્યા મુજબ કલમ–૧૧૮(એ) તથા

કલમ–૧૩૯ ના અનુમાનો મુખ્યત્વે છે. સદર કાયદા મુજબના અનુમાનોનો ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલી છે. એ સ્વીકૃત બાબત છે કે સદર કાયદામાં જણાવેલ અનુમાનોનું ખંડન કરવા માટે એ જરૂરી નથી કે આરોપીએ પોતાના બચાવ અંગેનો પુરાવો આપવા કોર્ટમાં હાજર થઈ સાક્ષી બોકસમાં ઉભા રહી પુરાવો રજુ કરવો પડે. આ કાયદાકીય અનુમાનોનું ખંડન ફરીયાદપક્ષના રજુ થયેલાં પુરાવાઓ ઉપરથી પણ આરોપી કરી શકે છે.

(૧૨) હાલના કામે પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સૌપ્રથમ ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે ફરીયાદીએ **આંક–૦૪** થી સાહેદ નં.૧ તરીકે ફરીયાદી સલીમભાઈ અહેમદભાઈ મોરીવાલાનાએ પોતાની સોગંદ પરની સરતપાસ રજુ કરેલ છે. ફરીયાદીએ પોતાની ફરીયાદને સમર્થન કરતાં દસ્તાવેજી પુરાવાઓ આ કામે **આંક–૬ થી આંક– ૧૦** સુધીના રજુ કરેલા છે. ફરીયાદીએ પોતાના પુરાવાઓમાં **આંક– ૦૬** આરોપીએ આપેલ તકરારી ચેક તથા **આંક– ૦૭** થી તકરારી ચેકનો રીટર્ન મેમો આ કામે રજુ કરેલ છે. આ કામે **આંક– ૦૭** થી રજુ ચેક રીટર્ન મેમો ધ્યાને લેતાં તેમાં ચેક નં. **૩૩૦૧૨૫,** રકમ રૂા.**૪,૭૫,૦૦૦**/– રીટર્ન થવાનુ કારણ '' ફંડ ઈન્સફીસીયન્ટ'' હોવાનુ તથા રીટર્ન થયાની તા.૨૩/૧૨/૨૦૨૪ જણાય છે. સદર **આંક–૦૬** થી રજુ તકરારી ચેક **આંક–૦૭** વાળા રીટર્ન મેમોથી ''ફંડ ઈન્સફીસીયન્ટ'' નાં કારણે ચેક પરત ફરતા ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફત આરોપીને રજી.એ.ડી થી **આંક– ૦૮** વાળી લીગલ નોટીસ મોકલાવેલ જે નોટીસ આરોપીને બજી ગયા અંગેનો

ઓનલાઈન પોસ્ટ ખાતાનો રીપોર્ટ **આંક– ૧૦** થી રજુ કરેલ છે. આમ, આરોપીને નોટીસની જાણ થવા છતા નોટીસની મુદતમાં ચેકની રકમ આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલ ન હોવાથી ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ છે.

(૧૩) આ કામે ફરીયાદીની ઉપર મુજબની ફરીયાદ હકીકત અંગે બચાવપક્ષે વિગતવારની ઉ.ત. કરેલ છે. બચાવપક્ષે આ કામે ફરીયાદીની ઉલટતપાસમાં **બચાવ એવો લીધેલ છે કે,** ફરિયાદીની આર્થિક સક્ષમતા (Financial Capacity) આરોપીને રકમ ઉછીની આપવાની નહોતી. આરોપીના વિદ્ધાન વકીલશ્રીએ ફરિયાદીની ઊલટતપાસના આધારે એવી દલીલ કરેલ છે કે, ફરિયાદી માસિક ₹૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ ની આવક ધરાવે છે, ઇન્કમ ટેક્સ રિટર્ન ભરતા નથી અને તેમનું વાર્ષિક ટર્નઓવર ૧ થી ૨ લાખ રૂપિયા છે, જેથી તેઓ આટલી મોટી રકમ ધિરાણ કરી શકે નહીં. આ નામદાર કોર્ટ આરોપીની આ દલીલ સાથે સહમત થઈ શકતી નથી. કારણ કે, ફરિયાદીએ પોતાની સરતપાસમાં અને ઊલટતપાસમાં સ્પષ્ટ જણાવ્યું છે કે તેઓ 'સર્વિસ સ્ટેશન' નો ધંધો કરે છે. વધુમાં, તેઓએ એ પણ સ્વીકાર્યું છે કે તેમના પુત્રો પણ ઘર ચલાવવામાં આર્થિક મદદ કરે છે. આ હકીકત દર્શાવે છે કે ફરિયાદી પાસે ધંધાની આવક ઉપરાંત પારિવારિક આર્થિક પીઠબળ પણ ઉપલબ્ધ હતું, જેથી આરોપીને મિત્રતા સંબંધમાં કહેવાતી રકમ આપવા સક્ષમ હતા. વદ્યુમાં, ફરિયાદીએ પોતાના બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ રજૂ કરવાની કોર્ટ સમક્ષ ખુશી જાહેર કરેલ છે, જે તેમની સદ્ભાવના (Bona fide) દર્શાવે છે.

(૧૪) વધુમાં, આરોપીએ ચેક પરની સહી પોતાની હોવાનો ઈન્કાર કર્યો નથી. ઊલટતપાસમાં ફરિયાદીએ મક્કમતાપૂર્વક નકારી કાઢ્યું છે કે ચેકમાં સહી સિવાયના અક્ષરો તેમના પોતાના છે. જ્યારે ચેક પર આરોપીની સહી સાબિત થાય છે, ત્યારે **નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૧૮ અને ૧૩૯** હેઠળ કાયદાકીય ધારણા (Statutory Presumption) ફરિયાદીની તરફેણમાં ઊભી થાય છે કે, આ ચેક કાયદેસરના લેણાં (Legally Enforceable Debt) ના વળતર પેટે જ આપવામાં આવ્યો હતો. આ કાનૂની ધારણાને ખંડિત કરવા માટે આરોપીએ માત્ર મૌખિક દલીલો સિવાય કોઈ સબળ પુરાવો રજૂ કર્યો નથી. આરોપીનો એવો બચાવ કે તેમની ચેકબુકવાળી થેલી ફરિયાદીના ઘરે રહી ગઈ હતી અને તેનો દુરુપયોગ થયો છે, તે વાત ગળે ઉતરે તેવી નથી. જો આરોપીનો ચેક ખોવાઈ ગયો હતો અથવા ફરિયાદીના ઘરે રહી ગયો હતો અને તેનો દુરુપયોગ થયો હતો, તો આરોપીએ બેંકને 'સ્ટોપ પેમેન્ટ' ની સૂચના કેમ ન આપી? અથવા ફરિયાદી વિરુદ્ધ ચેક પરત મેળવવા કોઈ કાનૂની કાર્યવાહી કે પોલીસ ફરિયાદ કેમ ન કરી? તેમજ ખોવાઈ ગયેલ ચેકનો દુરૂપયોગ કરી ફ્રીયાદીએ ફ્રીયાદ કરેલ હોય તો જયારે ફ્રીયાદીએ નોટીશ આપી ત્યારે બચાવમાં નોટીશનો જવાબ કેમ ના આપ્યો? તેની કોઈ સ્પષ્ટતા આરોપી પક્ષ આપી શક્યો નથી.

(૧૫) વધુમાં, આરોપીપક્ષે રોકડ વ્યવહારની મર્યાદા અને ફરિયાદમાં વિદેશ જવાની વિગત ન લખેલ હોવાની તકરાર લીધેલ છે તે માત્ર ટેકનિકલ બાબતો છે. તેમજ સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ, માત્ર ઇન્કમ ટેક્સ રિટર્ન ન ભરવાને કારણે અથવા રોકડ વ્યવહાર હોવાને કારણે કલમ ૧૩૮ હેઠળનો ફોજદારી કેસ રદબાતલ થઈ જતો નથી, જો ચેકની સહી સ્વીકૃત હોય. આમ,

ફરિયાદી પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં સફળ રહ્યા છે અને આરોપી પોતાનો બચાવ કાયદાના ધોરણે પ્રસ્થાપિત કરી શક્યા નથી.

(૧૬) **આમ,** આરોપી જયારે પોતાનાં ચેક પરની સહી હોવાની હકિકતનો ઈન્કાર કરતા ન હોય ત્યારે કાયદેસરની લેણી રકમ પેટે તકરારી ચેક આપેલ હોવાનું કાયદાકીય અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. વધુમાં, આ કામે આરોપીપક્ષે રજુ આંક– ૧૮ ની પુરસીસમાં એવુ લખેલ છે કે, આરોપીના પુત્ર વિદેશ રહે છે અને તેમના પુત્ર મારફતે પૈસાની વ્યવસ્થા કરવાની હોય, જેથી આરોપીના પુત્ર પૈસા મોકલાવે એટલે આવતી મુદતે તેઓ પૈસા ભરી દેશે. આંક– ૨૦ ની મુદત અરજીમાં પણ આરોપીએ પૈસાની સગવડ કરવાની હોય, સમયની જરૂર હોય મુદત માંગેલ છે. આમ, આંક– ૧૮ અને ૨૦ ની પુરસીસ અને અરજી ધ્યાને લેતા કહેવાતી રકમ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ હોવાનુ પુરવાર થાય છે. વધુમાં, આ કામે **આંક–૦૮** વાળી લીગલ નોટીસ આરોપીને રજી. પો. એડી. થી બજી ગયેલ હોવા છતા આરોપી તરફે કોઈ જવાબ આપી બચાવ લેવામાં આવેલ નથી, જેથી પણ ફરીયાદીની ઉલટતપાસમાં લેવામાં આવેલ બચાવ ઈન્કાર સ્વરૂપનો હોવાનું પ્રથમદર્શને માનવાને કારણ રહે છે. ધી નેગો. એકટનાં પ્રબંધો મુજબ કાયદાકીય અનુમાનો કલમ–૧૩૯ તથા ૧૧૮ મુજબ ફરીયાદીનાં લાભમા કરવાનાં હોવાથી આરોપી ઉપર તે અનુમાનો ખં ડન કરતો ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો બોજો રહેલ છે. આરોપી તરફે અનુમાનોનું ખંડન કરતો કોઈ ખંડનાત્મક પુરાવો આ કામે રજુ થયેલ હોય તેવું રેકર્ડ ઉપરનાં પુરાવાથી જણાતું નથી. વધુમાં

બચાવપક્ષે પોતાનો તકરારી ચેક કોઈ કાયદેસરનાં લેણા કે જવાબદારી પેટેનો ન હોવાની હકિકત સાબીત કરવાનો બોજો આરોપીપક્ષ ઉપર રહેલ હોવા છતા બચાવપક્ષ આ કામે તે હકિકત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું રજુ થયેલ પુરાવાથી પ્રથમદર્શને ફલીત થાય છે. આ કામે ફરીયાદીની સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતા પણ **આંક–૦૬** વાળો તકરારી ચેક કોઈ કાયદેસરની જવાબદારી કે લેણા પેટેનો આરોપીએ આપેલ હોવાની હકિકત સાબીત થાય છે. આમ બચાવપક્ષ કાયદાકીય અનુમાનોનુ ખં ડન કરવામાં પણ નિષ્ફળ ગયેલ હોવાનુ પ્રથમદર્શને પુરવાર થાય છે. એથી વિરુધ્ધ ફરીયાદી તરફે પોતાની ફરીયાદના સમર્થનમાં રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં ફરીયાદવાળો વ્યવહાર આરોપી સાથે થયેલ હોવાનું અને તે પેટે આરોપીએ વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનું અને તે ચેક ''ફંડ ઈનસફીસીયન્ટ'' ના કારણે પરત ફરેલ હોવાનું અને તેની જાણ લીગલ નોટીસથી આરોપીને કરવા છતાં તે નોટીસ મળી જવા છતાં તેની સમયમર્યાદામાં આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી ઉપર મુજબની તમામ ચર્ચા તથા હકીકતો અને સંજોગો ધ્યાને લઈ **મુદ્દા નં. ૧** નો મારો નિર્ણય **હકારમાં** આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

–:હુકમ:–

આ કામનાં આરોપી **બાકરોલીયા અયુબભાઈ ઈસ્માઈલભાઈ** રહે.– આંબાવાડી, ગાયત્રી મંદીર પાછળ, મેઘરજ, તા. મેઘરજ, જી. અરવલ્લીનાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–

૧૩૮ ના ગુના સબબ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનું કામ આરોપીને સજાનાં મુદ્દે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ **તા. ૩ જી, માહે : જુન , સને : ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૩/૦૬/૨૦૨૬ સ્થળ : મેઘરજ	**(જે. વી. અઢીયા)** જયુડી. મેજી. ફ. ક., મેઘરજ કોડ નં. જી.જે. ૦૧૪૦૮

-:સજા અંગે સાંભળ્યા:-

(૧૭) આ કામે આરોપીનો પોકાર કરાવતા હાજર છે તથા આરોપી તરફે વિ.વ.શ્રી હાજર થઈ પોતાની રજુઆત કરેલ છે કે, હાલમાં આરોપીની ઉંમર તથા આર્થિક સ્થિત તથા અન્ય જવાબદારીઓ ધ્યાને લેતા તેમજ આ કામનાં આરોપી અગાઉ કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય, આરોપી ઉપર દયાભાવ રાખી ઓછામાં ઓછી સજા તથા દંડનો હુકમ કરવા અરજ કરેલ છે.

ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી હાજર થઈ પોતાની રજુઆત કરેલ છે કે, સદર વ્યવહાર ૨૦૨૪ ના વર્ષનો હોય ફરીયાદીને ખુબ જ આર્થિક નુકસાન ભોગવવુ પડેલ હોય જે સંજોગોમાં આરોપી સામેનો ગુનો પ્રથમદર્શને સાબીત થયેલ હોય, આરોપીને મહતમ સજા કરી ચેકથી બમણી રકમનો દંડ કરી વળતર અપાવવા અરજ કરેલ છે.

(૧૮) બંને પક્ષકારો તરફેની રજુઆતો સાંભળી. ફરીયાદપક્ષ તરફે કાયદામાં જણાવેલ મહતમ સજા કરવા રજુઆત કરેલ છે. જયારે બચાવપક્ષે આરોપીને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. સદર ગુનાનો પ્રકાર ધ્યાનમાં લેતાં, આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. વળી, આજના સમયમાં આ પ્રકારના કેસો દિનપ્રતિદિન વધી રહેલાં છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો મુળભુત હેતુ, સમાજમાં નાણાંકીય વ્યવહારો સંબંધે પારદર્શિતા આવે અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ આપતા સમયે એકબીજા પ્રત્યે વિશ્વાસ અને ભરોસાની લાગણી જળવાય રહે, તે માટે જ આ

કાયદો ઘડવામાં આવેલો છે. આ સંજોગોમાં આ ગુનો હળવો છે તેમ માની શકાય તેમ નથી. સદર તકરારી વ્યવહાર ૨૦૨૪ ના વર્ષનો છે. અને સદર કેસની કાર્યવાહી પૂર્ણ કરવામાં ઘણો સમય વિતી ગયેલ હોય તેને ધ્યાને લેતાં કાયદા મુજબ ચેકની રકમનો દંડ કરવા તથા તે રકમ ફરીયાદીને વ્યાજ સહીત વળતર તરીકે આપવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ તેમ જણાય છે. આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીને નહીં હળવી કે નહીં મહતમ પરંતુ તે બે વચ્ચેની સજા તથા ચેકની રકમનો દંડનો હુકમ કરવો ન્યાયોચિત જણાતુ હોય, જેથી આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

<u>-:: આખરી હુકમ ::-</u>

(૧) આ કામનાં આરોપી **બાકરોલીયા અયુબભાઈ ઈસ્માઈલભાઈ** રહે.- આંબાવાડી, ગાયત્રી મંદીર પાછળ, મેઘરજ, તા. મેઘરજ, જી. અરવલ્લીનાને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના સબબ-૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીને વાદગ્રસ્ત ચેકની રકમ રૂા. ૪,૭૫,૦૦૦/- (અંકે રૂપીયા ચાર લાખ પંચોતેર હજારપુરા) નો આથી દંડનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર દંડની રકમ ફરીયાદીને ફરીયાદની તારીખથી વાર્ષિક ૯ % નાં વ્યાજ સહીત વળતર તરીકે પરત ચુકવી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ **તારીખ : ૩ જી, માહે : જુન, સને : ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૩/૦૬/૨૦૨૬ સ્થળ : મેઘરજ	**(જે. વી. અઢીયા)** જ્યુડી. મેજી. ફ. ક., મેઘરજ કોડ નં. જી.જે. ૦૧૪૦૮